PRO

# -: જાહેરનામું :-

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ.

**ક્રમાંક : વિ.શા/એ સેકશન/મોબાઇલ/ ૪૨ /૨૦૧૬**

ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઇ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થ તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ. અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી તથા જાહેર શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ આચરી નાસી છુટતાં હોય છે. આમ આ તમામ ગુન્હાહિત કામગીરીમાં ગુન્હેગારો ગુન્હાહિત કૃત્ય કરવા એક બીજાના સંપર્ક માટે મોબાઇલ ફોનનો તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરતાં હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તાજેતરમાં મિલ્કત સબંધી/શરીર સબંધી શોધાયેલ ગુન્હાઓમાં પણ ગુન્હેગારોએ મોબાઇલ તથા S.T.D./P.C.O. નો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે. S.T.D./P.C.O. પરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દ બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતાં રહે છે. આવા પ્રકારના કેસોની તપાસમાં સરળતા રહે તે સારૂ મોબાઇલ ફોન, સીમકાર્ડ લે-વેચ કરતી વખતે ખરીદનાર-વેચનારનું તથા S.T.D./P.C.O. પરથી ફોન કરતી વખતે ફોન કરનારનું નામ-સરનામું તથા તેની ઓળખ અંગેની નોંધણી થાય તે સલામતીની દ્રષ્ટીએ અત્યંત આવશ્યક છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા. ગાંધીનગર નાઓના કચેરી ક્રમાંક:એન.જી.ઓ./ટેલીફોન બુથ/૧૭૦/૧૨, તા.૦૩/૦૪/૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨ ની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઇલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડીસ્ટ્રીબ્યુટર/રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનું નામ-સરનામાં, પુરાવાની માહિતીનું રજીસ્ટર રાખવું તથા S.T.D./P.C.O. ધારકોએ કોલરની આઇડેન્ટી ચકાસવા તેમજ કોલ ડીટેઇલના નામ-સરનામાની માહિતી અંગેના રજીસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે.

**આ હુકમ તા.૧૬/૦૮/૨૦૧૬ થી તા.૧૪/૧૦/૨૦૧૬ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૬/ઓગષ્ટ/૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર